## સોનગઢમાં જમીન બાબતે માનસિક ત્રાસથી કંટાળી યુવાને ફાંસો ખાઇ લીધો

**દીપક** નાયરને જમીન બાબતે પજવણી કરી મરવા માટે મજબૂર કરાયાનો આક્ષેપ

**આપઘાત** પહેલાં વાયરલ ઓડિયો-વિડીયોને લઈ ચકચાર

સોનગઢઃ સોનગઢમાં જમીન સંબંધિત લાંબા સમયના વિવાદ અને માનસિક ત્રાસના કારણે 30 વર્ષીય યુવાને ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. યુવાને જીવન ટુંકાવતા પહેલાં સોશિયલ મીડિયામાં ઓડિયો અને વિડીયો વાયરલ કરી ગંભીર આક્ષેપો કર્યા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ સોનગઢ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ સોનગઢ મુસ્લિમ ફળિયામાં રહેતા દીપક ગોવિંદભાઈ નાયરને જમીન બાબતે પજવણી કરી મરવા માટે મજબૂર કરવામાં આવ્યા હતા. આ મામલે રાધાબેન ગોવિંદભાઈ નાયર દ્વારા સોનગઢ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ અને વાયરલ ઓડિયો વિડીયોના આધારે પોલીસ કાયદો વ્યવસ્થા ખોરવાય એ પહેલા સલીમ મુલ્લા, વસીમ ઉર્ફે દાદુ, રિયાઝ શેખ, ઈમ્તિયાઝ શેખ, બીપીનભાઈ રતનભાઈ ગામીત સહિત શબ્બીર અબ્બાસ પઠાણ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી કેટલાક શખ્સોની ધરપકડ કરી પૂછપરછ કરવા માટે પહેલા જ આ તમામને હિરાસતમાં લઈ લેવામાં આવ્યો છે. જવાન પુત્રના મોતથી નિરાધાર માતા અને પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે. જિલ્લા પોલીસ વહીવટી તંત્ર દ્વારા શહેરમાં શાંતિ જાળવી રાખવા અને અફવાઓથી દૂર રહેવા અપીલ કરવામાં આવી છે, ત્યારે આ સમગ્ર ઓડિયો વિડીયોના આધારે તાપી પોલીસે આ તમામને કોઈ અનિચ્છા બનાવ બને એ પહેલા જ પૂછપરછ માટે પોલીસ મથકે નિષ્પક્ષ તપાસ કરવા ઊંચકી લેવામાં આવ્યા છે.

## જોળવામાં યાર્નના ગોડાઉનમાં આગ

**શ્રી હરિ** ઇન્ડસ્ટ્રિયલમાં આગથી ધુમાડાના ગોટેગોટા ઊઠ્યા, જાનહાનિ ટળી

**પ્રાથમિક** દૃષ્ટિએ શોર્ટ સર્કિટથી આગ લાગી હોવાની આશંકા, લાખોનું નુકસાન

**૪ ફાયર** ફાઈટરોએ બે કલાકની જહેમત બાદ આગ કાબૂમાં લીધી


ઈલ્યાસ શેખ

પલસાણાઃ પલસાણાના જોળવામાં શુક્રવારે રાત્રે એક યાર્નના ગોડાઉનમાં અચાનક વિકરાળ આગ ભભૂકી ઊઠતાં સમગ્ર વિસ્તારમાં ભારે દોડધામ મચી ગઈ હતી. આગની આ હોનારતમાં ગોડાઉનમાં સંગ્રહિત યાર્નનો તમામ જથ્થો બળીને ખાખ થઈ ગયો હતો. જોકે, સદ્નસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ નોંધાઈ નથી.

જોળવાની ઘનશ્યામ સોસાયટી પાસેના શ્રી હરિ ઈન્ડસ્ટ્રિયલ એરિયામાં યાર્નનું ગોડાઉન આવેલું છે. ગત રાત્રિના આશરે ૧૦ વાગ્યાના અરસામાં અગમ્ય કારણોસર ગોડાઉનમાં અચાનક આગ ભભૂકી ઊઠી હતી. યાર્નનો જથ્થો હોવાથી જોતજોતામાં આગે રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આકાશને આંબતી જ્વાળાઓ અને ધુમાડાના કાળાડિબાંગ ગોટા દૂર દૂર સુધી નજરે પડતાં આસપાસના લોકોમાં ભારે ગભરાટ ફેલાયો હતો. સ્થાનિક રહીશો અને કારખાનેદારોએ પ્રાથમિક તબક્કે પાણીનો મારો ચલાવી આગ બુઝાવવાનો પ્રયાસ કરવા સાથે તાબડતોબ ફાયર બ્રિગેડને વાકેફ કરી હતી.

સ્થળ પર આવેલા આશરે ૪ જેટલા ફાયર ફાઈટરોએ સતત બે કલાકની ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. લાશ્કરોની સમયસૂચકતાને કારણે આગ આસપાસ આવેલાં અન્ય એકમો કે ગોડાઉનો સુધી પ્રસરતી અટકી હતી, જેથી મોટી દુર્ઘટના ટળી હતી.

આ બનાવની જાણ થતાં પલસાણા પોલીસનો કાફલો પણ ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને જરૂરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાથમિક દ્રષ્ટિએ શોર્ટ સર્કિટથી આગ લાગી હોવાની આશંકા વ્યક્ત કરાઈ રહી છે. આ ભીષણ અગ્નિકાંડમાં યાર્નનો મોટો જથ્થો બળીને રાખ થઈ જતાં લાખો રૂપિયાનું આર્થિક નુકસાન થયું હોવાનો અંદાજ છે, જેની સત્તાવાર આંકણી કરવાની તજવીજ ચાલી રહી છે.

## હલધરૂમાં લોન ન ભરાતાં સીલ કરાયેલા મકાનમાં રહેતા ત્રણ સામે ફરિયાદ

**ફાઈનાન્સ** કંપનીએ મકાન સીલ કર્યું હતું, ગેરકાયદે પ્રવેશ કરતાં ફરિયાદ નોંધાઈ

કામરેજઃ હલધરૂ ગામે આવેલી વાસ્તુપૂજા રેસિડન્સીમાં મકાન પર લીધેલી લોનના રૂપિયાની ભરપાઈ ન કરતાં ફાઈનાન્સ કંપનીએ ઘરને સીલ મારી દેતાં સીલ તોડી ઘરમાં રહેતા ત્રણ લોકો સામે ફાઈનાન્સ કંપનીના મેનેજરે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

મૂળ ઉત્તરપ્રદેશના જોનપુર જિલ્લાના કેરાકર ગામના વતની અને હાલ ઉધના દરવાજા રહીને આઠ વર્ષથી મોતીલાલ ઓસવાલ હોમ ફાઈનાન્સ કંપનીમાં કલેક્શન મેનેજર તરીકે નોકરી કરે છે. ગત તા.30-7-2017ના રોજ કામરેજ તાલુકાના હલધરૂ ગામની હદમાં આવેલી વાસ્તુપૂજા રેસિડન્સીમાં આવેલા મકાન નંબર 9 પર ગુડીયાદેવી શ્યામજી વિશ્વકર્મા અને તેમના પતિ શ્યામજી વિશ્વકર્માએ રૂપિયા 10,49,188 લોન માસિક રૂપિયા 10,125ના 240 હપ્તાથી લેવામાં આવી હતી. જેના 96 હપ્તા ચૂકવણી કર્યા બાદ હપ્તા ભરવાનું બંધ કરી દેતાં નોટિસ મોકલવામાં આવી હતી. છતાં પણ લોનની રકમ ચૂકવણી કરવામાં નિષ્ફળ જતાં મોતીલાલ ઓસવાલ હોમ ફાઈનાન્સ કંપની દ્વારા હલધરૂ ગામે વાસ્તુપૂજા સોસાયટીમાં આવેલું મકાન નંબર 9 પર મકાન ખાલી કરવા અંગેની નોટિસ ચોંટાડવામાં આવી હતી. બાદમાં મકાનને લોક મારીને સીલ મારી દેવામાં આવ્યું હતું. ગત તા.27મી મે ના રોજ મકાનનું સીલ તોડી મકાનમાં ગુડીયાદેવી શ્યામજી વિશ્વકર્મા, સંધ્યાબેન શ્યામજી રામુજાગીર, વિશાલ વિશ્વકર્મા રહેતા મળી આવતાં કલેક્શન મેનેજરે તમામ સામે ફાઈનાન્સ કંપની મોર્ગેજ મિલકતમાં મારેલું સીલ તોડી ગેરકાયદે પ્રવેશ કરતાં કામરેજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

## માછી ગામે તાપીમાં રેતીખનન કરતી યાંત્રિક નાવડી પકડાઇ

**ખાણખનીજ** વિભાગે આશરે 5 લાખનો મુદ્દામાલ કબજે કર્યો


વિશાલ પટેલ

કામરેજઃ માછી ગામે તાપી નદીમાં ગેરકાયદે રેતીખનન કરતી એક યાંત્રિક નાવડી સુરત ખાણખનીજ વિભાગે કબજે કરતાં રેતીમાફિયામાં ફફડાટ ફેલાઈ ગયો હતો.

કામરેજ તાલુકામાંથી પસાર થતી સૂર્યપુત્રી તાપી નદીમાંથી માછી ગામે રાત્રિ દરમિયાન યાંત્રિક નાવડી દ્વારા ગેરકાયદે રેતીખનનની ફરિયાદ સુરત ખાણ ખનીજ વિભાગને મળી હતી.

ફરિયાદના પગલે ગુરુવારના રોજ મોડી રાત્રિના ખાણખનીજ વિભાગની એક ટીમ દ્વારા માછી ગામે તાપી નદીના કિનારે આકસ્મિક ચેકિંગ હાથ ધરવામાં આવ્યુ હતું. ચેકિંગ દરમિયાન એક યાંત્રિક નાવડીને પકડી પાડવામાં આવી હતી. પૂછપરછ દરમિયાન આ નાવડી રાહુલ રમેશ રાઠોડ (રહે.,માછી)ની હોવાનું બહાર આવ્યું હતું. શુક્રવારના રોજ ખાણખનીજ વિભાગની ટીમે યાંત્રિક નાવડીને તાપી નદીમાંથી બહાર કાઢી દિગસ-માછી ગ્રામ પંચાયતને સોંપવામાં આવી હતી. ખાણખનીજ વિભાગે આશરે 5 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

## ઓલપાડના દાંડી ગામે બંધ ઘરમાંથી રૂ.૪.૯૦ લાખનાં ઘરેણાંની ચોરી

**દિવાળીના** આગમન પહેલાં તસ્કરો ગેલમાં આવી ગયા

સાયણઃ ઓલપાડમાં તસ્કરોએ દિવાળીના આગમન પહેલા જ બંધ મકાનને નિશાન બનાવવાનું શરૂ કરતાં લોકોમાં ફફડાટ ફેલાયો છે. ઓલપાડના દાંડી ગામે વાપલા ફળિયામાં બુધિયાભાઈ જયરામભાઈ ખલાસી રહે છે. માછીમારનો ધંધો કરતાં બુધિયા ભાઈનું મકાન ગત તા.૨૦મી ઓક્ટોબરના રોજ બંધ હતું. જે તકનો લાભ લઈ કોઈ અજાણ્યા તસ્કરોએ સાંજે- ૫થી રાત્રે ૯:૩૦ કલાકના સમયગાળા દરમિયાન ઘરનો પાછળનો દરવાજો કોઈ સાધનથી ખોલી ઘરમાં પ્રવેશ કર્યો હતો. આ ચોરોએ બેડરૂમમાં પહોંચી લોખંડના કબાટ તેમજ ઘરના માળિયામાં મૂકેલી બેગમાંથી સોના-ચાંદીના દાગીનાઓ પૈકી ૬૦ ગ્રામ વજનનું સોનાનું મંગળસૂત્ર, ૧૫ ગ્રામ વજનની સોનાની વીંટી નંગ-૪, ત્રણ ગ્રામ વજનની સોનાની કાનની બુટ્ટી નંગ-૧, આશરે ૦.૨૫૦ ગ્રામ વજનની સોનાની નાકની જડ નંગ-૨, ગિફ્ટમાં મળેલું સોનાનું પેન્ડલ-૧, સોનાની ગળાની ચેઈન નંગ-૨ (આશરે ૨૦ ગ્રામ વજન), આશરે ૧૦ ગ્રામ વજનનું સોનાનું બ્રેસલેટ નંગ-૧, એક જોડી ચાંદીની બિંછીયા, ત્રણ જોડી આશરે ૧૮૦ ગ્રામ વજનની ચાંદીની પાયલ મળી કુલ રૂ.૪.૯૦ લાખની કિંમતનાં સોના-ચાંદીનાં ઘરેણાંની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ બાબતની જાણ થતાં સાગર ચંપકભાઈ ખલાસીએ ગત તા.૨૨ના રોજ ચોર વિરુદ્ધ ઓલપાડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

## ઈંટાળવા ગામે માતાજીના વિસર્જનમાં નાચવા મુદ્દે તકરારઃ એકનું માથું ફૂટ્યું

**ગાળો** બોલવાની ના પાડતાં ઉશ્કેરાયેલા હુમલાખોરો લાકડી ફટકારી ફરાર, ઇજાગ્રસ્ત યુવકને માથામાં ટાંકા આવ્યા

પલસાણાઃ પલસાણાના ઈંટાળવા ગામમાં માતાજીની પ્રતિમાના વિસર્જન દરમિયાન નાચવા જેવી નજીવી બાબતે થયેલી બોલાચાલીએ હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. બે અજાણ્યા માથાભારે ઈસમોએ એક વેપારી યુવક પર લાકડી વડે જીવલેણ હુમલો કરી માથું ફોડી નાંખતાં ચકચાર મચી ગઈ છે. ઈજાગ્રસ્ત યુવકને લોહીલુહાણ હાલતમાં સારવાર અર્થે સરકારી દવાખાને ખસેડાયો હતો, જ્યાં તેના માથાના ભાગે ટાંકા લેવા પડ્યા હતા. બનાવ સંદર્ભે પલસાણા પોલીસે બે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પલસાણાના ઈંટાળવા ગામની સુર્યાંસી સોસાયટીમાં ભાડેથી રહી કરિયાણાની દુકાન ચલાવતા અને મૂળ બિહારના વતની લાલબાબુ મનોજભાઈ ચૌધરી (ઉં.વ.૨૭) ગત બુધવારે સાંજે આશરે સાતેક વાગ્યાના સુમારે સોસાયટીના રહીશો સાથે માતાજીની પ્રતિમાનું વિસર્જન કરવા માટે ગામના તળાવ તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન ઈંટાળવા ગામના માર્ગ પરથી પસાર થતી વખતે સાથે રહેલા બે અજાણ્યા શખ્સો સાથે નાચવા બાબતે બોલાચાલી થઈ હતી. તકરાર વધતાં બંને અજાણ્યા ઈસમોએ જાહેરમાં ગાળાગાળી શરૂ કરી દીધી હતી. જેથી લાલબાબુએ ગાળો બોલવાની ના પાડતાં બંને શખ્સો એકદમ ઉશ્કેરાઈ ગયા હતા. જે પૈકી એક ઈસમે લાલબાબુને પકડી રાખ્યો હતો, જ્યારે બીજા ઈસમે હાથમાં રહેલી લાકડી માથાના ભાગે જોરથી ફટકારી દીધી હતી. હુમલામાં યુવકનું માથું ફાટી જતાં ભારે રક્તસ્ત્રાવ શરૂ થયો હતો, જેના પગલે બંને હુમલાખોરો સ્થળ પરથી નાસી છૂટ્યા હતા.

ઘટના બાદ ત્યાં હાજર રામમોહન પરિહારે લોહીલુહાણ હાલતમાં લાલબાબુને તાત્કાલિક સારવાર અર્થે પલસાણા સરકારી હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો, જ્યાં તબીબોએ માથામાં ટાંકા લીધા હતા. પ્રાથમિક સારવાર બાદ લાલબાબુએ પલસાણા પોલીસ મથકમાં પહોંચી આપવીતી વર્ણવી હતી. પલસાણા પોલીસે ભોગ બનનાર યુવકની ફરિયાદના આધારે બંને અજાણ્યા હુમલાખોરો સામે ગુનો દાખલ કરી તેમની શોધખોળનાં ચક્રો ગતિમાન કર્યાં છે.

## તાપીના DDO અને પ્રાયોજના વહીવટદારની બદલી

વ્યારાઃ રાજ્યમાં 17 જેટલાં આઈએસ અધિકારીઓ એક સાથે બદલીનો ગંજીપો કસવામાં આવતાં તાપી જિલ્લામાંથી 2 આઈએસની બદલી કરવામાં આવી છે, જેમાં તાપી જિલ્લા વિકાસ અધિકારી રામનિવાસ બુગાલિયાની બનાસકાંઠાના પાલનપુર ખાતે જિલ્લા વિકાસ અધિકારી તરીકે, જ્યારે સોનગઢ TSP કચેરીના પ્રાયોજના વહીવટદાર રાજેશ મોર્યાની સૌરાષ્ટ્રના અમરેલી ખાતે જિલ્લા વિકાસ અધિકારી તરીકે બદલી કરવામાં આવી છે. જ્યારે નવસારીના પ્રાયોજના વહીવટદાર સ્વપ્નીલ એમ.સિસ્લેને તાપી જિલ્લા વિકાસ અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

## કીમ ઓવરબ્રિજ પર છોટા હાથી ટેમ્પો પલટી ગયો, જાનહાનિ ટળી

**સ્ટીયરિંગ** પરથી કાબૂ ગુમાવતાં અકસ્માત સર્જાયો, થોડા સમય માટે ટ્રાફિકજામની સ્થિતિ


કિરણ ઢોડિયા

કીમઃ કીમ ઓવરબ્રિજ પર સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા છોટા હાથી ટેમ્પો પલટી મારી ગયો હતો. આ અકસ્માતમાં સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી. જોકે, અકસ્માતને પગલે ઓવરબ્રિજ પર થોડા સમય માટે ટ્રાફિકની સમસ્યા સર્જાઈ હતી.

ઘટનાની જાણ થતાં તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને ટ્રાફિકનું નિયંત્રણ સંભાળ્યું હતું. પોલીસે સમયસર કામગીરી કરીને વાહનવ્યવહારને ફરીથી ચાલુ કરાવ્યો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ ન થતાં લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

## બારડોલીમાં બદનામીના મેસેજ કરી ધમકી

**વોટ્સએપ** ગ્રુપમાં બદનામીભર્યા મેસેજ કરી ધમકી આપનારા વિરુદ્ધ પોલીસ ફરિયાદ

બારડોલીઃ બારડોલીમાં એક વોટ્સએપ ગ્રુપમા અભદ્ર મેસેજ લખનાર શખ્સ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાઈ છે. આ ગ્રુપમાં બારડોલી તેમજ સુરત જિલ્લાની ઘણી વ્યક્તિઓ જોડાયેલી હોવાથી આ ટીખળખોર શખ્સને આવા મેસેજ લખવાનું ના પાડનાર યુવાનને જાનથી મારી નાંખવાની ધમકી આપી છે. ત્યારે મામલો પોલીસ મથકે પહોંચતા જોવું એ રહ્યું કે પોલીસ આ શખ્સની સાન ઠેકાણે લાવશે કે પછી ઢીલી નીતિ અપનાવશે.

બારડોલીમાં રહેતા અને ફેબ્રિકેશનના વ્યવસાય કરતા જય મહેતા દ્વારા નોંધાવાયેલ ફરિયાદ મુજબ તા.21 ઓક્ટોબરના રોજ તે બારડોલીના હળપતિ સેવા સંઘ ખાતે હાજર હોય ત્યારે બપોરના બે વાગ્યાના સમય આસપાસ તેના મોબાઈલ ઉપર જીગ્નેશ રમેશ પંચાલ (રહે.,લક્ષ્મી વિલા સોસાયટી, ધામડોદ રોડ, બારડોલી)નો વોટ્સએપ કોલ આવ્યો હતો. કોલ કરનારે જણાવ્યું હતું કે, જય મહેતાએ તેના વિશે વંદે માતરમ્ નામના ગ્રુપમાં ખરાબ લખાણ લખ્યું છે. જવાબમાં જય મહેતાએ જણાવ્યું હતું કે, તેને ઉલ્લેખીને ગ્રુપમાં લખાણો લખતા તેનો જવાબ આપ્યો હતો.

આ બાબતે ખોટું લાગ્યું હોય તો ફરિયાદ કરી શકો છો. તમે અવારનવાર ગ્રુપમાં ખોટા મેસેજ કરી હેરાન પરેશાન કરી છો. આમ જણાવતા સામે છેડેથી વોટ્સએપ કોલમાં જીગ્નેશે ગાળો આપી હતી.

ગાળો બોલવાની ના પાડતાં ઉશ્કેરાયેલા જીગ્નેશ પંચાલે ધમકી આપતા 'તું મને રૂબરૂ મળ, જાનથી મારી નાંખીશ' મુજબ ધમકી આપી હતી. અને ફોન કાપી નાંખ્યા બાદ થોડીવાર પછી જીગ્નેશ પંચાલે પાછો ફોન કરી જય મહેતાને ગાળો આપવાનું શરૂ કરતાં પોલીસ ફરિયાદ કરી હતી. આરોપી જીગ્નેશ પંચાલ ભૂગર્ભમાં ઊતરી ગયાનું જાણવા મળે છે.

## બારડોલીમાં સ્વદેશી મેળાનો પ્રારંભ કરાયો

બારડોલીઃ સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપવાના હેતુ સાથે બારડોલીમાં સ્વદેશી મેળાની પ્રારંભ કરાયો છે. ગુજરાત અર્બન લાઈવલીહુડ મિશનના ઉપક્રમે બારડોલીના શાસ્ત્રી રોડ ઉપર આવેલા એમ.એન.પાર્ક સામે, શિવાજી ચોક નજીકના મેદાન ઉપર બારડોલી નગરપાલિકા પ્રમુખ નીલમ વ્યાસ, ઉ.પ્ર. મિનેશ પટેલ, ચીફ ઓફિસર મિલન પલસાણા, ભાજપ સંગઠન પ્રમુખ અનંત જૈન, મહામંત્રી નિસર્ગ મેહતા, પાલિકાના અન્ય સદસ્યો, પદાધિકારીઓ વગેરેની ઉપસ્થિતિમાં સ્વદેશી મેળાનો પ્રારંભ કરાયો હતો. આ મેળો 1 નવેમ્બર સુધી દરરોજ બપોરે 3થી રાત્રે 10 વાગ્યા સુધી ખુલ્લો રહેશે.

## શેખપુરમાં દીપડો પાંજરે પુરાયો

અનાવલઃ મહુવાના શેખપુરના ઝાંઝરવાડી ફળિયા અને આસપાસના સીમ વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસોથી દીપડાની સક્રિયતા વધી ગઈ હતી. રાત્રિના સમયે દીપડો ખુલ્લામાં ફરતો જોવા મળતાં સ્થાનિકોમાં ભયનો માહોલ છવાયો હતો. દીપડાને પાંજરે પૂરવા માટે ઝાંઝરવાડી ફળિયા નજીક પાંજરું ગોઠવ્યું હતું. દરમિયાન ખોરાકની શોધમાં આવેલો દીપડો વન વિભાગ દ્વારા મુકાયેલા પાંજરામાં કેદ થઈ ગયો હતો. વન વિભાગને જાણ થતાં સુરક્ષિત રીતે રેસ્ક્યુ કરાયું હતું.

Muthoot Homefin
Muthoot Homefin (India) Ltd.
CIN - U65922KL2011PLC029231
કોર્પોરેટ ઓફિસઃ મૂથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ, 19/E, ધ રૂબી, સેનાપતિ બાપટ માર્ગ, તુલસી પાઈપ રોડ, રૂપારેલ કોલેજની નજીક, દાદર વેસ્ટ, મુંબઈ - 400028.
બ્રાન્ચ ઓફિસઃ મૂથૂટ હોમફિન (I) લિમિટેડ, 503, સેફાયર બિઝનેસ હબ, એલ.પી. સવાણી રોડ, મધુવન સર્કલ પાસે, અડાજણ, સુરત, ગુજરાત - 395009.

એપેન્ડિક્સ-IV-A [રૂલ 8(6)ની જોગવાઈઓ જુઓ] પ્રાઈવેટ ટ્રીટી કમ વેચાણ માટેની જાહેર નોટિસ
ઋણ લેનાર પાસેથી લેણી રકમની વસૂલાત માટે સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ મૂથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડના અધિકૃત અધિકારી દ્વારા નીચે દર્શાવેલ સિક્યોર્ડ અસ્કયામતનો કબજો લીધા બાદ, નીચે વર્ણવેલ અચલ મિલકત જે કબજામાં છે તેને ખરીદવા માટે સીલબંધ કવરમાં નીચે સહી કરનાર દ્વારા ઓફરો મંગાવવામાં આવે છે, 'જે જ્યાં છે ત્યાંના ધોરણે', 'જેવું છે તેમજના ધોરણે' અને 'જે કંઈ પણ છે તેજના ધોરણે' વેચવામાં આવશે, જેની વિગતો નીચે મુજબ છેઃ-

| ક્રમ | ઋણ લેનારા/સહ-ઋણ લેનારા/ગેરંટરો/લોન એકાઉન્ટ નંબર/શાખા | ડિમાન્ડ નોટિસ તારીખ અને રકમ | અચલ મિલકતનું વર્ણન | અનામત કિંમત | અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) (RP ના 10%) |
|---|---|---|---|---|---|
| 1. | મુન્નાલાલ રામુભાઈ કહાર / સરોજબેન મુન્નાલાલ કહાર / 004-00406223 / સુરત | 18 ફેબ્રુઆરી, 2025 રૂ. 5,31,403/- રૂપિયા પાંચ લાખ એકત્રીસ હજાર ચાર સો ત્રણ માત્ર. | ફ્લેટ નં. A/305, ત્રીજો માળ, બ્લોક નં. 88/B, શિવ કમલ રેસિડેન્સી, બિલ્ડિંગ નં. A, સાઈ દીપ રેસિડેન્સી, સુરત બારડોલી રોડની સામે, આરાધના ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ પાસે, જોલવા, પલસાણા, સુરત, લેન્ડમાર્ક ગાર્ડન સિટી પાસે, જોલવા ગામ રોડ. જિલ્લો સુરત, રાજ્ય ગુજરાત, પિનકોડ 394310. દિશાઓઃ ઉત્તરઃ સોસાયટી રોડ, દક્ષિણઃ B વિંગ, પૂર્વઃ ખુલ્લો પ્લોટ, પશ્ચિમઃ સોસાયટી રોડ | રૂ. 2,00,000/- રૂપિયા બે લાખ માત્ર. | રૂ. 20,000/- રૂપિયા વીસ હજાર માત્ર. |

1. હરાજી 'જે જ્યાં છે ત્યાં' અને 'જેવું છે તેમ'ના ધોરણે યોજાઈ રહી છે.
2. હરાજી વેચાણના વિગતવાર નિયમો અને શરતો નિર્ધારિત ટેન્ડર ફોર્મમાં સામેલ છે, જે ઉપરોક્ત પ્રાદેશિક કાર્યાલય પર ઉપલબ્ધ છે.
3. 'મૂથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ'ની તરફેણમાં ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા ચૂકવવાપાત્ર EMD સાથે નિર્ધારિત ટેન્ડર ફોર્મમાં સીલબંધ બિડ/ઓફર સબમિટ કરવાની છેલ્લી તારીખ 12 નવેમ્બર, 2026ના રોજ બપોરના 4.00 વાગ્યા સુધી ઉપરોક્ત દર્શાવેલ સરનામે પ્રાદેશિક કાર્યાલય ખાતે છે. જે ટેન્ડરો સંપૂર્ણપણે ભરેલા ન હોય અથવા છેલ્લી તારીખ પછી પ્રાપ્ત થયા હોય તેમને અમાન્ય ટેન્ડર ગણવામાં આવશે અને તે મુજબ રદ કરવામાં આવશે. EMD પર કોઈ વ્યાજ ચૂકવવામાં આવશે નહીં.
4. અચલ મિલકતની નિરીક્ષણની તારીખ 11 નવેમ્બર, 2026ના રોજ બપોરના 1.00 વાગ્યાથી બપોરના 3.00 વાગ્યા સુધી છે.
5. મિલકત માટે બિડ/ઓફર હરાજીની તારીખ ખોલવાની તારીખ 13 નવેમ્બર, 2026ના રોજ ઉપર જણાવેલ શાખા કાર્યાલયના સરનામે બપોરના 1.00 વાગ્યે અધિકૃત અધિકારી દ્વારા કરવામાં આવશે.
6. MHIL કોઈપણ બાકી રહેલી વૈધાનિક નોટિસ અને બોજાઓ / કર લેણાં વગેરે, જો કોઈ હોય તો, તેની ચુકવણી માટે જવાબદાર રહેશે નહીં અને રકમ ચૂકવવાની જવાબદારી સફળ હરાજી ખરીદનારની રહેશે. ઇચ્છુક બોલી લગાવનારે બોજા અને મિલકતના ટાઇટલ અંગે પોતાની સ્વતંત્ર પૂછપરછ કરવી જોઈએ અને જાતે તપાસ કરીને સંતુષ્ટ થવું જોઈએ.
7. સર્વોચ્ચ બોલી લગાવનાર MHIL લિમિટેડના અધિકૃત અધિકારીની મંજૂરીને આધીન રહેશે. અધિકૃત અધિકારી કોઈપણ કારણ વગર પ્રાપ્ત થયેલ તમામ અથવા કોઈપણ ઓફર/બિડ સ્વીકારવાનો અધિકાર અનામત રાખે છે. તેમનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા રહેશે.
8. ઋણ લેનારાઓ/ગેરંટરોને હરાજીની તારીખ પહેલાં ઉપર જણાવેલ રકમ ચૂકવવા માટે SARFAESI એક્ટ, 2002 હેઠળ આથી 15 દિવસની વેચાણ નોટિસ આપવામાં આવે છે, જેમાં નિષ્ફળ જતાં અચલ મિલકતની હરાજી કરવામાં આવશે અને બાકી રકમ, જો કોઈ હોય તો, વ્યાજ અને ખર્ચ સાથે વસૂલ કરવામાં આવશે. જો ઋણ લેનાર વેચાણની તારીખ પહેલાં મૂથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડને બાકી રકમ પૂરેપૂરી ચૂકવી દે છે, તો હરાજી રદ કરવાપાત્ર રહેશે. વધુ વિગતો માટે, ઉપર જણાવેલ કાર્યાલયના સરનામે અધિકૃત અધિકારીનો સંપર્ક કરો. સંપર્ક વ્યક્તિઃ અમર પાટીલ - 9737057744
તારીખઃ 24 ઓક્ટોબર, 2026, સ્થળઃ સુરત
સહી/- અધિકૃત અધિકારી, મૂથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ

ઈ-ટેન્ડર
જાહેર નિવિદા નં.૦૯/૨૦૨૬-૨૭
North Dang Forest Division

આથી રસ ધરાવતા કોંટ્રાક્ટર / ઈજારદારને જણાવવાનુ કે ઉત્તર ડાંગ વન વિભાગ હસ્તકના કાર્યક્ષેત્ર હેઠળ પરીક્ષેત્ર વન અધિકારીશ્રીની કચેરી બરડીપાડા તથા શિંગાણા બનાવવાના કામે ઈ-ટેન્ડરીંગ પદ્ધતીથી યોગ્ય શ્રેણીનું રજીસ્ટ્રેશન ધરાવતા ઈજારદાર / કોંટ્રાક્ટરશ્રીઓને ઓનલાઈન www.tender.nprocure.com મારફત આમંત્રીત કરી,પોર્ટલ મારફત ટુ-બીડ કવર પદ્ધતીથી ભાવો મંગાવવામાં આવે છે, કામની રકમ ટેન્ડર ફી, ઈ.એમ.ડી.ટેન્ડર હેઠળના દસ્તાવેજો, ટેન્ડર સબમીશનની તારીખ વગેરેની વિગતવાર માહીતી ઉક્ત ઓનલાઈન પોર્ટલ પરથી જોઈ શકાશે, ટેન્ડર સંબધીત સુધારા - વધારા ઓનલાઈન જ કરવામાં આવશે, વિભાગીય કચેરી ખાતેથી કોઈપણ પ્રકારની માહીતી આપવામાં આવશે નહી.
કચેરીનું નામ અને સરનામુ..
નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી, ઉત્તર વન વિભાગ,
ડાંગ આહવા, પેટ્રોલ પંપની સામે, તા.આહવા,
જી.-ડાંગ પીન:૩૯૪૭૧૦
કચેરીનો સંપર્ક નંબર: ૦૨૬૩૧-૨૨૦૨૦૩
ક્માંક:માહિતી/ડાંગ/૧૨૬/૨૦૨૬
નાયબ વન સંરક્ષક
ઉત્તર ડાંગ વન વિભાગ આહવા

ઓફલાઈન ટેન્ડર જાહેરાત-૦૨/૨૦૨૬-૨૭
કડોદરા નગરપાલિકા, જી. સુરત
ટૂંકી મુદતની ઓફલાઈન ટેન્ડરની જાહેર નિવિદા

આથી રસ ધરાવતા ઈજારદારશ્રીઓને જણાવવાનું કે, કડોદરા નગરપાલિકા, જી. સુરત વિસ્તારમાં જાહેર મિલકતો ઉપર લાઈટ/રોશની શણગાર કરવાની કામગીરી માટે રસ ધરાવતી એજન્સી તારીખ- ૨૮/૧૦/૨૦૨૬ સાંજે ૬:૦૦ કલાક સુધીમાં કડોદરા નગરપાલિકા ઓફીસથી ટેન્ડરની ફીઝીકલ કોપી લઇ શકશે. અને માંગેલ ડોક્યુમેન્ટ સાથે ફીસિકલ ડોક્યુમેન્ટ પહોંચાડવાની તારીખ-૨૯/૧૦/૨૦૨૬ સુધીની રહેશે. સદર કામગીરી અંગેના તમામ હક્ક અધિકાર નગરપાલિકાને અબાધિત રહેશે.
ચીફ ઓફિસર
ક્માંક. માહિતી-સૂરત/૭૯૭/૨૦૨૬
કડોદરા નગરપાલિકા

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ–૬૦૦૦૩૧
ટેલી. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨
IDFC FIRST Bank

પરિશિષ્ટ–૪ [રૂલ ૮(૧) કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)

નીચે સહી કરનાર આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી) અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ અને તેમને આ ધારાની કલમ ૧૩ (૧૨) ની સાથે વાંચતા (નિયમ ૩) હેઠળ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ મળેલ સત્તા હેઠળ ડીમાન્ડ નોટીસ બજાવીને અહીં નીચે જણાવેલ દેવાદાર/સહદેવાદાર અને જામીનદારો ને નોટીસમાં દર્શાવેલ રકમ વધારાનું વ્યાજ અને અન્ય ચાર્જીસ સહિત સંપૂર્ણ ચુકવણી આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.
દેવાદાર/સહદેવાદારો/જામીનદારો આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર/સહદેવાદારો/જામીનદારો અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની ૧૩ની પેટા કલમ (૪) એકટના રૂલ ૮ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ સાથે વંચાણે લઈ તેમને બક્ષવામાં આવેલ અધિકાર અનુસાર આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

| લોન ખાતા નંબર | દેવાદારો/સહદેવાદારો અને જામીનદારોના નામ | ગીરવે મુકેલી સ્થાયી મિલકતનું વર્ણન | ડીમાન્ડ નોટીસની તારીખ | ડીમાન્ડ નોટીસની બાકી રકમ | કબજાનો પ્રકાર અને કબજો લીધાની તારીખ |
|---|---|---|---|---|---|
| ૧૩૦૫૩૧૮૬ | ૧. રામેશ્વર રામયસ શુકલા ૨. રૂપા રામેશ્વર શુકલા | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે નક્ષત્ર રેસીડેન્સી ના પ્લોટ નં.૩૯૫ માપ આશરે ૫૬ ચો.વાર એટલે ૪૬.૮૪ ચો.મી (કેજેપી પછી બ્લોક નં.૨૫૬/૩૯૫ ની જગ્યા માપ ૪૬.૩૮ ચો.મી) વિકસીત થયેલ જમીન રેવન્યુ સર્વે નં.૨૧૪, બ્લોક નં.૨૫૬,એન.એ જમીન પૈકી ગામ.જોલવા, સબ–ડિસ્ટ્રીકટ અને તા. પાલસાણા, જી.સુરત, ગુજરાત–રાજય–૩૯૪૧૮૫ ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : પૂર્વ તરફ : પ્લોટ નં.૩૫૪, પશ્ચિમ તરફ : સોસાયટીનો રોડ , ઉત્તર તરફ : પ્લોટ નં.૩૯૪, દક્ષિણ તરફ : પ્લોટ નં.૩૯૬, આવેલ છે. | ૩૦.૦૭.૨૦૨૬ | રૂ. ૧૦,૩૨,૯૨૪.૭૩/– | ૨૧.૧૦.૨૦૨૬ કબજો |
| ૧૫૦૦૭૩૫૯ | ૧.રમેશ ગોકુલ પાટીલ ૨. સંગીતાબેન પાટીલ | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે નક્ષત્ર રેસીડેન્સી ના પ્લોટ નં.૨૨૮ ની જગ્યા માપ આશરે ૫૬ ચો.વાર એટલે ૪૬.૮૪ ચો.મી (કેજેપી પછી બ્લોક નં.૨૫૬/૨૨૮ માપ ૪૬.૮૮ ચો.મી) ના વણવહેચાયેલ હિસ્સા સહિત માપ ૨૮.૫૭ ચો.મી, રોડ અને સીઓપી, જમીન રેવન્યુ સર્વે નં.૨૧૪, બ્લોક નં.૨૫૬,જમીન પૈકી ગામ.જોલવા, સબ–ડિસ્ટ્રીકટ અને તા. પાલસાણા, જી.સુરત, ગુજરાત–રાજય–૩૯૪૩૨૭ ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : પૂર્વ તરફ : પ્લોટ નં.૨૫૭, પશ્ચિમ તરફ : સોસાયટીનો રોડ , ઉત્તર તરફ : પ્લોટ નં.૨૨૭, દક્ષિણ તરફ : પ્લોટ નં.૨૨૯, આવેલ છે. | ૨૭.૦૭.૨૦૨૬ | રૂ. ૧૦,૪૮,૬૩૯.૮૭/– | ૨૧.૧૦.૨૦૨૬ કબજો |

ખાસ કરીને દેવાદારો /સહદેવાદારો / જામીનદારો અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી) ની અહીં નીચે દર્શાવેલ રકમ કરાર આધારિત વ્યાજને આધીન રહેશે.

સહિ/–
અધિકૃત અધિકારી,
આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ
તારીખ : ૨૧ ઓકટોબર ૨૦૨૬
સ્થળ : સુરત,ગુજરાત
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)